|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડિયા

સનાતન ધર્મ પત્રિકા

સં - ૨૦૭૯ | પોષ વદ- ૧૩ | શુક્રવાર | તા.: ૨૦.૦૧.૨૦૨૩ | SDP No. : 1002 | Mob.: +91 7801877774, +91 7718977774 | sanatandharmpatrika@gmail.com

કેન્દ્રીય સમાજના પ્રધાન સેવક અબજીભાઈ કાનાણીનું નાગપુરમાં સન્માન

શ્રી કચ્છ પાટીદાર સમાજ ,લક્કડગંજ , નાગપુરના તત્વધાનમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રથમ નાગરિક એવા પ્રમુખશ્રી અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી નાગપુર પધારેલ ત્યારે શ્રી કચ્છ પાટીદાર સમાજ, લક્કડગંજ, નાગપુરના તત્વધાનમાં પાટીદાર

ભવન ખાતે સન્માન કાર્યક્રમ રાખેલ. શ્રી કચ્છ પાટીદાર સમાજ, લક્કડગંજ, અને શ્રી પાટીદાર સમાજ ઘાટરોડ તથા શ્રી વિદર્ભ ઝોન સમાજ વતી સાલ અને પુષ્પગુચ્છ આપી સત્કાર કરવામાં આવેલ. લક્કડગંજ સમાજ ઉપપ્રમુખ મૂળવંતરાય પોકારે લક્કડગંજ સમાજનો પરિચય કરાવેલ. ઘાટરોડ સમાજના પ્રમુખશ્રી મનસુખભાઇ દિવાણીએ ઘાટરોડ સમાજ પ્રવૃતિ પર પ્રકાશ પડેલ. વિદર્ભ ઝોન પ્રમુખ ભીમજીભાઈ સેંઘાણી તેમજ મધ્ય ખંડ પ્રભારી ધીરજભાઈ ભાવાણીએ ઝોનની માહિતી આપેલ. લક્કડગંજ સમાજના પ્રમુખ શાંતિભાઈ પોકારે સ્થાનિક સમાજનો આછેરો ઇતિહાસ કહેલ અને કેન્દ્રીય સમાજની રચના માટેના યોગદાનને યાદ કરેલ.

કેન્દ્રીય સમાજ પ્રમુખશ્રી અબજીભાઈ કાનાણીએ ખુશી વ્યક્ત કરતા કહ્યું કે નાગપુર ખાતે પ્રમુખ પદધર્મ ની રુએ પ્રથમવાર આવવાનું થયેલ છે. સન્માન માટે ધન્યવાદ આપેલ અને કેન્દ્રીય સમાજની ગતિવિધિની જાણકારી સાથે નાગપુર સમાજના વડીલોને યાદ કરેલ જેઓએ કેન્દ્રીય સમાજના ઉત્થાન માટે અમૂલ્ય સહયોગ આપેલ હોસ્ટેલ નિર્માણ માટે દાન આપેલ અને હાલમાં ભુજ ખાતેની જમીન માટે આપેલ યોગદાન માટે ખાસ નોંધ લીધેલ હતી.

આ અવસરે લક્કડગંજ અને ઘાટરોડ સમાજની ત્રણેય પાંખોની કારોબારી તથા વિદર્ભ ઝોન સમાજ, યુવાસંઘ રીજીયન અને મહિલાસંઘ ઝોનના કાર્યકર્તાઓ ખાસ ઉપસ્થિત રહેલ. આવેલ પ્રશ્નોના નિખાલસ પણે પ્રત્યુત્તર આપેલ.

આભાર વિધિ લક્કડગંજ સમાજ ઉપપ્રમુખ ગુલાબભાઈ હળપાણીએ કરેલ. સંચાલન સહમંત્રી ઉમેશભાઈ રંગાણી એ કરેલ . અંતે અલ્પાહાર લઈ છુટ્ટા પડેલ..

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સંયોજક -
રતનશી ભાવાણી, નાગપુર

લક્કડગંજ સમાજ નાગપુર નાં પ્રમુખ સેવક દ્વારા કેન્દ્રીય સમાજના પ્રમુખ સેવક નું સન્માન કરવામાં આવ્યું.

ભીમાશંકર પાટીદાર સમાજ દ્વારા ખેલ મહોત્સવ

શ્રી ભીમાશંકર પાટીદાર સમાજ ,

ખેલ મહોત્સવનું આયોજન ૨૦૨૩ નું શ્રી ભીમાશંકર પાટીદાર સનાતન સમાજ અને યુવક તેમજ શ્રી મહિલા મંડળ તા. ૧૪.૦૧.૨૦૨૩ અને તા.૧૫.૦૧.૨૦૨૩

જેમાં સમાજના નાના મોટા ભાઈઓ બહેનોએ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો..

સૌપ્રથમ તા ૧૪.૦૧.૨૦૨૩ ના રોજ ૨.૦૦ વાગે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો તેમજ સ્પોર્ટ્સ મસાલ જ્યોત પ્રગટાવીને ખેલાડીઓ દ્વારા રનર અપ કરવામાં આવ્યું.સૌપ્રથમ ટીમની હરાજી કરવામાં આવી, ત્યારબાદ વિવિધ એથ્લેટીક્સ રમતો જેવી કે દોડ, ક્રિકેટ, વોલીબોલ, બેડમિન્ટન, થ્રો બોલ, લગોરી, રમતો રમાડવામાં આવી. જેમાં સમાજના ભાઈઓ તથા બહેનોએ વિવિધ રમતોમાં પોતાના કૌશલ્ય દેખાડ્યા.

બપોરના ભોજન બાદની રમતોમાં સૌ સમાજ જનોએ સ્પર્ધાની સાથે મનોરંજન પૂરું પાડ્યું. સાંજે સાડા છ વાગ્યે સમાપન કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. જેમાં વિવિધ રમતોમાં વિજેતા થયેલ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા.

યુવક મંડળના પ્રમુખ કિશોરભાઈ ધોળુંએ રમત મહોત્સવમાં ભાગ લેનાર સૌ ખેલ પ્રેમીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

રમત મહોત્સવ ના મુખ્ય દાતા તેમજ દરેક રમત ના દાતા અને સહયોગી દાતા નો આર્થિક સહયોગ મળ્યો હતો

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખેલ કમિટીએ કર્યું હતું. આભારવિધિમાં યુવક મંડળ ના ભાવેશભાઈ ધોળું એ સમગ્ર કાર્યક્રમ દરમિયાન કાર્યરત રહેલી વિવિધ સમિતિઓ, દાતાઓ, ખેલાડીઓ, નિર્ણાયકો નો આભાર વ્યક્ત કર્યો

ભીમાશંકર યુવક મંડળની રમત ગમતની પ્રવૃતિઓ થી ગ્રાઉન્ડ ઉત્સાહથી છલકાયું

હતો.

સમગ્ર કાર્યક્રમ ની વ્યવસ્થા યુવક મંડળ ના સભ્યો સંભાળી હતી

લિખિત- પ્રવક્તા
અશોક ચૌધરી
સંયોજક -
પરસોતમ પટેલે, મંચર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રથી MBBS ગુજરાતીમાં ભણાવાશે:સરકારની જાહેરાત

પુસ્તકો-અભ્યાસક્રમ ગુજરાતીમાં ઉપલબ્ધ કરાશે, ટર્મિનોલોજી અંગ્રેજી જ રહેશે

૧૫ સભ્યોની નિષ્ણાત કમિટી બનાવાઈ : ટેક્સ્ટબુક તૈયાર કરવા અલગ જૂથ પણ કાર્યરત કરાયું

રાજ્યમાં નવા શૈક્ષણિક વર્ષથી એમબીબીએસનો અભ્યાસક્રમ પણ ગુજરાતીમાં ભણાવાશે અને કોર્સના પુસ્તકો પણ ગુજરાતીમાં ઉપલબ્ધ થશે, એવું સરકારી પ્રવક્તા-મંત્રી ઋષિકેશ પટેલે બુધવારે મંત્રીમંડળની બેઠક બાદ યોજાયેલી પત્રકાર પરિષદમાં જાહેર કર્યું હતું.

તેમણે કહ્યું કે, આ વર્ષથી એમબીબીએસના પહેલાં વર્ષમાં અભ્યાસક્રમ ગુજરાતીમાં રહેશે અને પાઠ્યપુસ્તકો પણ ગુજરાતીમાં ઉપલબ્ધ થશે, ત્યારબાદ ક્રમશઃ અન્ય વર્ષોનો અભ્યાસક્રમ તથા પુસ્તકો ગુજરાતીમાં કરાશે. એક પ્રશ્નના ઉત્તરમાં પ્રવક્તા-મંત્રીએ એવું જણાવ્યું હતું કે, અંગ્રેજી ભાષાનો વિકલ્પ પણ વિદ્યાર્થીઓને આપવામાં આવશે.

દરમિયાન એમબીબીએસ અભ્યાસક્રમ સાથે સંકળાયેલા તજ્ઞ સૂત્રના જણાવ્યા પ્રમાણે એમબીબીએસ અભ્યાસક્રમ અને પુસ્તકો ગુજરાતીમાં તૈયાર કરવા માટે વિવિધ મેડિકલ કોલેજોના ડીન, નર્સિંગ-ફિઝિયોથેરાપી કોલેજોના પ્રિન્સિપાલ તેમજ નિષ્ણાત તબીબોને સાંકળીને ૧૫ સભ્યોની એક ટીમ બનાવાઈ છે, જેની એક મિટિંગ અત્યાર સુધી થઈ છે, સાથોસાથ ટેક્સ્ટબુક તૈયાર કરવા પણ નામાંકિત તબીબ શિક્ષકોનું અલગ ગ્રૂપ બનાવાયું છે. આ સૂત્રો આ વર્ષથી ગુજરાતી ભાષામાં પુસ્તકો-અભ્યાસક્રમ ભણતા થવા અંગે સંશય વ્યક્ત કરી રહ્યા છે, કેમ કે આ સમગ્ર પ્રક્રિયા સમય માગી લેવી અને મુશ્કેલ છે.

MBBSની પરીક્ષા ગુજરાતીમાં લેવા અંગે હજી પ્રવર્તતી અનિશ્ચિતતા

રાજ્યમાં આ વર્ષથી પ્રથમ વર્ષના એમબીબીએસના વિદ્યાર્થીઓને ગુજરાતીમાં ભણાવવાની મંત્રીએ જાહેરાત તો કરી દીધી છે, પણ એમબીબીએસની પરીક્ષા ગુજરાતીમાં લેવાશે કે કેમ તે હજી નક્કી થયું નથી. રાજ્ય સરકારે આ સંદર્ભે નેશનલ મેડિકલ કાઉન્સિલનું માર્ગદર્શન માગ્યું હોવાનું જણાવાઈ રહ્યું છે. આ સૂત્રો એમ પણ કહે છે કે, અભ્યાસક્રમ-પુસ્તકો ગુજરાતીમાં થઈ શકે, પરંતુ મેડિકલ ટર્મિનોલોજીનું ગુજરાતીકરણ શક્ય નથી એટલે ટર્મિનોલોજી યથાવત્ રખાશે અને શક્ય હોય ત્યાં સુધી તેનું ગુજરાતીકરણ કૌંસમાં દર્શાવવાનો પ્રયાસ થશે. એમબીબીએસની પરીક્ષામાં ૫૦ ટકા પરીક્ષકો અન્ય રાજ્યમાં બોલાવવાનો નિયમ છે, આ નિયમ પણ ગુજરાતીકરણમાં આડે આવી રહ્યો છે.

હજી સુધી એકમાત્ર MPમાં જ બે વિષયના પુસ્તકો હિન્દીમાં તૈયાર થયા

દેશમાં એક માત્ર મધ્યપ્રદેશ ખાતે એમબીબીએસના પ્રથમ વર્ષના માત્ર બે જ વિષયોના પુસ્તકોનું હિન્દીમાં રૂપાંતર થયું છે. જ્યારે રાજ્યમાં એમબીબીએસના પ્રથમ વર્ષમાં જ ૧૦ વિષયોના પુસ્તકો સિલેબસમાં છે. મેડિકલ ફેકલ્ટીમાં કોઈ પાઠ્યપુસ્તકો અત્યારે ઉપલબ્ધ નથી એટલે પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં રોયલ્ટીની પ્રશ્ન પણ નડી રહ્યો છે. કેમ કે, રેફરન્સ બુકોમાંથી વિદ્યાર્થીઓને અત્યારે ભણાવવામાં આવે છે. નિષ્ણાંત તબીબો દ્વારા તૈયાર થયેલી હોય છે. આ તબીબોને રોયલ્ટી ચુકવવી પડે તેમ છે. તેથી વિષય નિષ્ણાંત તબીબી શિક્ષકો મારફત અલગ અલગ વિષયના પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનું નક્કી થયું છે.

અડાજણ સમાજ સુરત - વોલીબોલ ટુર્નામેન્ટ નું આયોજન

શ્રી કચ્છ કડવા પાટીદાર અડાજણ સમાજના યુવા મંડળ દ્વારા બે દિવસીય ઇન્ટર સમાજ વોલીબોલ ટુર્નામેન્ટ નું આયોજન 13 જાન્યુઆરી અને 15 જાન્યુઆરીએ કરવામાં આવેલ.

આ વોલીબોલ ટુર્નામેન્ટમાં સમાજની છ ટીમો એ ભાગ લીધેલ.

જેમાં 13 તારીખે છ ટીમો વચ્ચે લીગ મેચ રમાયેલી અને 15 તારીખે સેમી ફાઈનલ અને ફાઇનલ રમાયેલ. ઉમિયા શોર્ય વર્સીસ અડાજણ રોયલ્સ વચ્ચે

ફાઇનલ મેચ ખૂબ રોમાંચીત રહી. ત્રણ સેટ રમી અને ફાઇનલ વિજેતા અડાજણ રોયલ બનેલ. વિજેતા ટીમના ખેલાડીઓ તરીકે

પ્રવીણ માનાણી, હસમુખ છાભૈયા, રમેશ છાભૈયા, ધીરજ પોકાર, ગિરીશ પોકાર, યસ પોકાર, જગદીશ હળપાણી ભાગ લીધેલ.

કાર્યક્રમના અંતમાં ૦૬ એ ટીમના ખેલાડીઓને યુવા મંડળ દ્વારા આયોજનમાં ભાગ લેવા બદલ અને સ્મૃતિચીન સ્વરૂપ ટીમના સ્પોન્સર્સ દ્વારા મેડલ અર્પણ કરીને સન્માન કર્યું.

આ વોલીબોલ ટુર્નામેન્ટમાં
૧) બેસ્ટ એમર્જિંગ પ્લેયર યસ પોકાર
૨) બેસ્ટ નેટી ઓફ ધ ટુર્નામેન્ટ રિતેશ છાભૈયા
૩) બેસ્ટ સૂટર ઓફ ધ ટુર્નામેન્ટ પ્રફુલ છાભૈયા
૪) પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પ્રવીણ માનાણી

ને સમાજ તથા યુવા મંડળના આગેવાનો દ્વારા ટ્રોફી એનાયત કરવામાં આવી. રનર્સઅપની ટ્રોફી યુવા મંડળના મહામંત્રી જગદીશભાઈ રૈયાણી અને સમાજના કારોબારી સભ્ય મોહનભાઈ છાભૈયા દ્વારા રનર્સ અપ ટીમ ઉમિયા શોર્ય ને એનાયત કરવામાં આવેલ અંતે ચેમ્પિયન્સ ટ્રોફી અડાજણ સમાજના પ્રમુખ મૂળજીભાઈ નાયાણી અને યુવા મંડળના પ્રમુખ અનિલ ધોળું દ્વારા અડાજણ રોયલ ટીમ ને અર્પણ કરીબે દિવસ વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન યુવા મંડળના ખેલ મંત્રી મિતેશ વેલાણી મહામંત્રી, જગદીશ રૈયાણી અને ખજાનજી દિનેશ છાભૈયાના નેજા હેઠળ થયેલ. સમાજના તથા યુવા મંડળના પ્રમુખના આદેશથી ખેલ મંત્રી મિતેશ વેલાણીએ કાર્યક્રમના સમાપનમાં આયોજનમાં ભાગ લીધેલા સર્વે ભાઈઓ તથા આયોજનમાં વ્યવસ્થા કરનાર સર્વે સભ્યોને અને આ આયોજનનો વિચાર રાખનાર જીતુ લીંબાણીને ધન્યવાદ કહી સમાપન કર્યું.

સંયોજક -
અમરતભાઈ નાકરાણી, અંકલેશ્વર

દેહદાન નો સંકલ્પ કરી પ્રભુ ના પર્યાય બન્યા - રાજનાંદગાવ

ઈશ્વરે જે આ જીવન રૂપી ચાદર મનુષ્યને આપી છે, મનુષ્ય ખરેખર જીવન પર્યંત તો પોતાના સદકર્મો થકી એને ખૂબ સજાવે એને સંવારે છે, પરંતુ દેહદાન રૂપી શુભ સંકલ્પ માટે આત્મ પ્રેરણાથી સંકલ્પ કરવો એ બહુજ મોટી વાત છે અને અત્યંત ભાવ વિભોર કરવા વાળુ છે,

હાલમાં જ રાજનંદગાવ પાટીદાર સમાજ માટે બહુજ ગર્વની વાત છે કે રાજનંદગાવ માં વસતા બે પરિવાર દીવાણી (કાનાણી) પરિવાર અને છાભૈયા પરિવારના સદસ્યો એ દેહદાનનો સંકલ્પ કરીને પરિવારને અને સમાજને પ્રેરણા દાયી બનવા નું કાર્ય કરેલ છે:

વડીલશ્રી નથુભાઈ નારણભાઇ કાનાણી
ઉંમર 85 વર્ષ , મોટી વિરાણી
હાલે - રાજનાંદગાવ

ઈશ્વરભાઈ જેઠાભાઇ છાભૈયા અને એમના ધર્મપત્ની શ્રીમતી સાવિત્રીબેન ઈશ્વરભાઈ છાભૈયા એ પોતાના વૈવાહિક જીવનનાં 40 વર્ષ પૂરી થવાની ખુશીમાં ઈશ્વરને કૃતજ્ઞતા સ્વરૂપે લક્ષ્મીનારાયણ સ્વરૂપમાં દેહ દાન નો સંકલ્પ લીધો.
નખત્રાણા, હાલે રાજનાંદગાવ

આ જાગૃત આત્માઓને પ્રભુ ના પર્યાય બનીને એક પ્રેરણાદાયી સંકલ્પ લેવા બદલ હાર્દિક નમન, વંદન, અભિનંદન

શુભેચ્છા
Chattisgarh ABKKP Yuvasangh
Shri Patidar samaj Rajnandgaon

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સ્કીલ ડેવલપમેન્ટ: સરસ્વતીનું વીણાવાદન અને લક્ષ્મીજી દ્વારા સ્વાગત!

"બસ, આ અમારી છેલ્લી પેઢી છે, કે ફૂટપાથ પર બેસીને મોચીકામ કરી આપીએ છીએ..."- કેમ એમ બોલો છો કાકા?- તેમણે કહ્યું: ભાઈ, મારો દીકરો 'પારુલ'માં ભણે છે. આ વર્ષે તે એન્જિનિયર થઈ જવાનો. હવે તો એણે મને કહી દીધું છે કે આવતા વર્ષથી તમારે બધી મજૂરી છોડીને ઘરે બેસી જવાનું છે...તૂટી ગયેલી બેગની ચેઈન બદલતા એ કાકાના મોં પર હરખ હતો કે વ્યથા તે સમજી શકાયું નહીં, પરંતુ તેમના શબ્દોમાં આખાય ભારતના સ્કીલ વર્કર્સ માટે આવનારા અભાવનો સ્પષ્ટ સિતાર દેખાતો હતો...પ્રાઇવેટ શાળામાં કોઈપણ પહેલી નોકરી શરૂ કરનાર શિક્ષકને પૂછજો, 24 વર્ષની સરેરાશ ઉંમરના યુવક-યુવતી શિક્ષક તરીકે જોઈન કરે છે, ત્યારે સરેરાશ માસિક પગાર 8000 થી 12,000નો હોય છે. અને તમારા ઘરે લીક થયેલો નળ બદલવા આવનાર પ્લમ્બરને પૂછજો. સાત મિનિટનું કામ કરીને શાંતિથી ₹300 મેળવી લે છે..

યુપીથી આવેલા 20-22 વર્ષના એક પ્લમ્બરને મેં પૂછ્યું હતું કે રોજ આવા કેટલા ઘરમાં કામ કરવાનું થાય છે? તેણે કહેલું: સર, 10-12 ઘર હો જાતે હૈ... હવે તમે સરેરાશ દસ ઘરની પકડો, અને એક ઘરના પ્લમ્બિંગ કામની આવક ત્રણસો રૂ.ની પકડો, તો એ લબરમુછિયા કારીગરની આવક થઈ માસિક 80 થી 90 હજારની!! આ વાતનો અર્થ
(આખો લેખ વાંચવા નીચેની લિંક ઉપયોગી થશે...)
http://harikrishnashastri.blogspot.com/2023/01/blog-post_15.html

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

ઈતિહાસના પાને

પેલેસ્ટાઈનની લોકશાહી ચૂંટણીમાં અરાફતનો વિજય

પેલેસ્ટાઇન લિબરેશન ઓર્ગેનાઇઝેશન (પીએલઓ) સંસ્થાના સ્થાપક યાસીર અરાફત હતા. પેલેસ્ટોઇનીઓના ઠકો અને તેમની સ્વતંત્રતા માટે હંમેશાં તત્પર રહેનારા યાસીફ અરાફતે યુદ્ધ અને બળવાને સ્વતંત્રતાના હથિયાર તરીકે જોકે સ્વીકાર્યા ન હતા અને શાંતિપૂર્વક જ અલગ પેલેસ્ટાઈન મળે તેવા પ્રયાસો કર્યા હતા. તેઓ આતંકવાદના સખત વિરોધી હતા. ૧૯૮૦માં તેમણે ઇઝરાયેલ અને પેલેસ્ટાઈનના વિગ્રહ વચ્ચે પોતાના વતન માટે રાજદ્વારી ઉકેલ મેળવવા શરૂ કર્યું હતું ત્યારે તેમના આ પગલાંથી વિશ્વભરમાં આશ્ચર્યની લાગણી ફેલાઈ ગઈ હતી. ૧૯૯૩માં ઇઝરાયેલી વડા પ્રધાન યિત્ઝાક રબિન સાથે Israel-Palestinian Declaration of Principlesની ઘોષણામાં તેમનો મહત્ત્વનો ફાળો ગણવામાં આવે છે. ઇઝરાયેલ-પેલેસ્ટિનિયનના સહઅસ્તિત્વ ઘરાવે છે તે સ્વીકારો એવો ઉલ્લેખ કરતો તે કરાર હતો. એક વર્ષ બાદ, અરાફાત અને રબિને પેલેસ્ટાઇનને સ્વતંત્ર રીતે પોતાના નિર્ણયો કરવાના હકોના કરાર પર હસ્તાક્ષર કર્યા. ૧૯૯૫માં, અરાફાતને તેના શાંતિના પ્રયાસો માટે નોબલ પુરસ્કાર પણ એનાયત થયો હતો. પેલેસ્ટાઈનની પ્રજાએ પ્રથમ લોકશાહી ચૂંટણીમાં ૧૯૯૬માં જબરજસ્ત બહુમતી સાથે યાસીફ અરાફતને જીતાડ્યા અને તેની ઘોષણા ૨૦મી જાન્યુઆરીએ થઈ હતી.

અવસાન નોધ

સ્વ: પુરબાઈ વેલજીભાઈ ધોળું
ઉમર: 92 વર્ષ | તા. 17/01/2023
કચ્છ માં ગામ લુડવા (ગઢશીશા)
હાલે બોરીવલી & નાશિક

સ્વ: નાનુબેન અખૈયભાઈ લીંબાણી
ઉમર: 80 વર્ષ | તા. 18/01/2023
કચ્છ માં ગામ દેવપર (યક્ષ)
હાલે LB નગર, હૈદરાબાદ

સ્વ: નટવરભાઈ પચાણભાઈ ધોળુ
ઉમર: 68 વર્ષ | તા. 18/01/2023
કચ્છ માં ગામ નાગલપર (નખત્રાણા)
હાલે ખમ્મમ, તેલંગણા

સ્વ. કરમશીભાઈ નારાયણ દડગા
ઉમર: 80 વર્ષ | તા. 18/01/2023
કચ્છ માં : ટોડિયા
હાલે : કોતાપેટ, હૈદરાબાદ

સ્વ: નાનજીભાઈ ખીમજીભાઈ પોકાર
ઉમર: 80 વર્ષ | તા. 18/01/2023
કચ્છ માં ગામ ઉખેડા
હાલે વેલુર (તામિલનાડુ)

સ્વ: જવેરબેન ગોવિંદભાઈ લીંબાણી
ઉમર: 68 વર્ષ | તા. 18/01/2023
કચ્છ માં ગામ ઉખેડા
હાલે વેલુર (તામિલનાડુ)

H.K. DOORS
HK DOORS
First IMPRESSION of your HOUSE
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE
HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883
BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705
KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.
PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884
H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205